# આજે કાળી ચૌદશ પર્વે હનુમાન મંદિરમાં મહાઆરતી-હવન

અમદાવાદ,તા. ૨૫

આવતીકાલે કાળી ચૌદશને લઈ રાજયભરના હનુમાનજી મંદિરોમાં મહાઆરતી, યજ્ઞ, વિશેષ હોમ-હવન સહિતના ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તો મહુડી સ્થિત ઘંટાકર્ણ મહાવીરના મંદિર ખાતે પણ વિશેષ હોમ-હવનનું આયોજન કરાયું છે. ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતેના સુપ્રસિધ્ધ અને એક હજાર વર્ષ કરતાં પણ વધુ પ્રાચીન સ્વયંભુ ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે કાળી ચૌદશની વિશેષ અને તેલથી દાદાના મહાઅભિષેકને લઈ તડામાર તૈયારીઓ હાથ ધરાઈ હતી. આજે રાત્રે ૧૨.૦૦ વાગ્યાથી કાળીચૌદશની શરૂઆત થઈ એટલે, તરત જ ધનતેરસની રાત્રે જ ૧૨.૦૦ વાગ્યે દાદાની ૧૦૮ દિવાની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. કાળીચૌદશની દાદાની આરતીનું અનન્ય મહાત્મ્ય અને ચમત્કાર હોઈ લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુ ભકતો ડભોડિયા હનુમાનજી ખાતે ઉમટયા હતા. દર વર્ષની જેમ આ વખતે પણ ચમત્કારિક ડભોડિયા હનુમાનજી દાદાને કાળીચૌદશે લગભગ એક હજાર જેટલા તેલના ડબાથી શ્રધ્ધાળુ ભકતો દ્વારા અભિષેક કરવાનું આયોજન હાથ ધરાયું છે. તો બીજીબાજુ, કાળીચૌદશને લઈ સાળંગપુર ખાતેના કષ્ટભંજન દેવ મંદિર ખાતે પણ આવતીકાલે કાળીચૌદશ નિમિતે સમૂહયજ્ઞ પૂજન, મહાઆરતી સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે કષ્ટભંજન દેવની પ્રસાદીની લાકડીનો ભવ્ય અભિષેક કરવામાં આવશે કે જેનું ખૂબ મહાત્મ્ય છે. ગાંધીનગર જિલ્લાના સુપ્રસિધ્ધ ચમત્કારિક અને એક હજાર વર્ષથી પણ વધુ પૌરાણિક એવા ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે આજે ધનતેરસના પવિત્ર દિવસથી મેળાની શરૂઆત થઈ ગઈ હતી, જે આવતીકાલે કાળીચૌદશની રાત્રે ૧૨ વાગ્યે પૂર્ણ થશે. આ મેળામાં લાખો શ્રધ્ધાળુઓ ભાગ લે છે. આ અંગે ડભોડિયા હનુમાનજી મંદિરના ટ્રસ્ટી રાજુભાઈ ગજ્જર, બળદેવજી પરમાર, હીરાભાઈ પટેલ અને મંદિરના પૂજારી રાજુભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, ધનતેરસની આજની રાત્રે ૧૨.૦૦ વાગ્યાથી કાળીચૌદશની શરૂઆત થઈ જશે એટલે, ધનતેરસની રાત્રે જ ૧૨.૦૦ વાગ્યે કાળીચૌદશના પ્રારંભ સાથે દાદાની ૧૦૮ દિવાની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. ધનતેરસની રાત્રે થતી કાળીચૌદશની દાદાની થતી આ મહાઆરતીનું અનેરૂ મહાત્મ્ય હોઈ તેમાં લાખો શ્રધ્ધાળુ ભકતો ઉમટયા હતા. તો, આવતીકાલે કાળી ચૌદશના દિવસે શ્રધ્ધાળુ ભકતો દ્વારા ડભોડિયા દાદાન એક હજાર કિલો તેલ ડબાથી ભવ્ય અભિષેક કરાશે.

ધનતેરસની રાત્રિના ૧૨ વાગ્યાથી કાળીચૌદશના રાતના બાર વાગ્યા સુધી ડભોડિયા દાદાનું મંદિર સતત મંદિર ખુલ્લુ રખાશે કે જેથી ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી આવતા શ્રધ્ધાળુ ભકતો દાદાના દર્શનનો લાભ લઈ શકે. આ જ પ્રકારે સુપ્રસિધ્ધ સાળંગપુર કષ્ટભંજન દેવ ખાતે પણ આવતીકાલે કાળીચૌદશ નિમિતે વહેલી સવારે પાંચ વાગ્યે દાદાની ભવ્ય આરતી, સવારે ૭-૦૦ વાગ્યે સમૂહ યજ્ઞ પૂજન, ૯-૦૦ વાગ્યે દાદાની પ્રસાદીની લાકડીનો ભવ્ય અભિષેક અને ૧૧-૩૦ વાગ્યે દાદાનો ભવ્ય અન્નકુટ યોજાશે. તો શહેરના શાહીબાગ કેન્ટોનમેન્ટ વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ કેમ્પ હનુમાનજી મંદિર ખાતો આવતીકાલે કાળીચૌદશ નિમિતે દાદાની ત્રણ આરતીઓ ઉતારવામાં આવશે., જેમાં સવારે ૬-૩૦ વાગ્યે દાદાની ભવ્ય આરતી, સવારે ૭-૩૦ વાગ્યે બીજી આરતી અને રાત્રે ૧૨-૦૦ વાગ્યે દાદાની મહાઆરતી ઉતારવામાં આવશે. જયારે આવતીકાલે સવારે ૮થી ૧૦ દરમ્યાન સામૂહિક હનુમાનચાલીસા અને સુંદરકાંડના પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સિવાય દિવાળી અને બેસતાવર્ષના તહેવારને લઈને હનુમાનજી દાદાના ઉપરોકત મંદિરો અને શહેર સહિત રાજયના અન્ય હનુમાનજી મંદિરોમાં દાદાનો ભવ્યાતિભવ્ય સાજ-શણગાર કરવામાં આવશે. તો, શ્રદ્ધાળુ ભકતો માટે પ્રસાદ સુવિધાની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. દાદાના ભકતોએ તેમના ઘરોમાં પણ હનુમાનજી દાદાની વિશેષ પૂજા-ભકિત અને હોમ-હવન માટેના આયોજન કર્યા છે.

# ખાનગી કાર-બસના ભાડામાં ૩૦ ટકા સુધીનો વધારો

અમદાવાદ,તા.૨૫

સરકારે દિવાળી વેકેશન ટૂંકાવ્યા બાદ અનેક લોકોએ એડવાન્સમાં દિવાળી વેકેશન માટે ભાગે ખાનગી બસો કે ખાનગી કારનો ઉપયોગ કરે છે પણ ડીઝલના ભાવવધારાના કારણે ભાડા પણ અત્યંત મોંઘા થઈ જતાં ભાડું રૂ.૪૫૦માંથી રૂ.૫૦૦, સુરતનું રૂ.૪૦૦માંથી રૂ.૪૫૦, મુંબઈના રૂ.૬૦૦માંથી રૂ.૬૫૦, જયપુરના



પ્લાન કરેલી ટૂર ડિસ્ટર્બ થઈ છે. તેથી આ વર્ષે પેકેજ ટૂર ઓપરેટરો પાસે દિવાળી વેકેશનમાં ફરવાના બુકિંગમાં ઘટાડો થયો છે. વેકેશન નાનું થતાં લોકો હવે ચારથી પાંચ દિવસના ટૂર પ્લાનિંગ તરફ વળ્યા છે. પરંતુ બીજીબાજુ, ખાનગી કાર-બસના ભાડામાં પંદરથી ત્રીસ ટકા સુધીનો ભાડા વધારો ઝીંકી લૂંટ ચલાવાતાં પ્રવાસીઓનું ફરવા જવાનું પ્લાનીંગ તો ડિસ્ટર્બ થયું છે પરંતુ સાથે સાથે લોકોમાં ઉગ્ર આક્રોશની લાગણી પણ ફેલાઈ છે. ઓછા દિવસ માટે બહારગામ ફરવા જવા માગતા લોકો મોટા આ વખતે ખાનગી બસોના ભાડામાં ૧૦થી ૧૫ ટકા, ખાનગી કારના ભાડામાં ૩૦ ટકા અને પેકેજ ટૂરના ભાવમાં ૧૦ ટકાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. આથી પ્રજા માટે દિવાળી પર પ્રવાસ કરવો અત્યંત મોંઘો બન્યો છે. ગત વર્ષે ટેમ્પો ટ્રાવેલના ભાવ રૂ.૧૭ થી ૨૦ હતા તે રૂ.૨૨ થી ૨૫, લકઝરી બસમાં રૂ.૨૮ થી ૩૦ હતા તે રૂ.૩૨ થી ૩૫, એસી બસમાં રૂ.૪૦ થી ૪૫ છે. ઈનોવા કાર રૂ.૧૧ અને ૧૨ હતા તેમાં રૂ.૨ થી ૩નો વધારો કર્યો છે. અમદાવાદથી રાજકોટ વોલ્વોનું રૂ.૭૦૦માંથી રૂ.૮૦૦ થઈ ગયા છે. જે ૧૫ ટકા વધારા સાથેના છે. કોઈ પણ સ્થળે ખાનગી લકઝરી બસમાં જવા માટે મુસાફરે રૂપિયા ૪૦ થી ૧૦૦નો વધારો ચૂકવવાની તૈયારી રાખવી પડશે. ખાનગી ઓપરેટરો લૂંટને લઈ પ્રજાજનોમાં ઉગ્ર આક્રોશ ફેલાવા પામ્યો છે.

ભાડા વધારાને લઈ પ્રજાજનોમાં ખાસ કરીને મહિલા, વૃદ્ધો સહિતના પ્રવાસીઓમાં સરકાર દ્વારા આ મામલે કોઈ અસરકારક નિયંત્રણ ગોઠવવા માંગણી ઉઠવા પામી છે.

## દ્વારકાધીશ મંદિરના દર્શન સમયમાં આજથી ફેરફાર

**ભાઈબીજના દિવસે મંગળા આરતી સવારે ૭ વાગે કરાશે**

અમદાવાદ, તા. ૨૫

યાત્રાધામ દ્વારકાધીશ મંદિરમાં સામાન્યરીતે વર્ષ દરમિયાન શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચે છે પરંતુ દિવાળી પર શ્રદ્ધાળુઓની ખાસ ભીડ જોવા મળે છે જેના પરિણામ સ્વરુપે મંદિર વહીવટીતંત્ર તરફથી ધનતેરસથી લઈને દિવાળી સુધી મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આવતીકાલે ૨૬મી ઓક્ટોબરના દિવસથી ભગવાનના દર્શનના સમયે પૂર્વવ્રત રહેશે. ૨૭મી ઓક્ટોબરના દિવસે જુદા જુદા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મંગળા આરતી સવારે પાંચ વાગે કરવામાં આવશે. બપોરે એક વાગે મંદિરના દ્વારને બંધ કરી દેવામાં આવશે. રાત્રિ દર્શન આઠ વાગ્યા બાદથી ૯.૪૫ સુધી કરી શકાશે. ૨૮મી ઓક્ટોબરના દિવસે નૂતન વર્ષના ગાળા દરમિયાન મંગળા આરતી સવારે છ વાગે કરવામાં આવશે. ગૌવર્ધન પૂજા સવારે ૧૧.૩૦ વાગે કરવામાં આવશે ત્યારબાદ બપોરે એક વાગ્યા સુધી મંદિરના દ્વાર બંધ કરી દેવામાં આવશે. અન્નકુટ દર્શન સાંજે પાંચ વાગ્યા બાદ રાત્રે ૯.૪૫ વાગે મંદિરના દ્વાર ફરી બંધ કરી દેવાશે. ૨૯મી ઓક્ટોબરના દિવસે ભાઈબીજના પ્રસંગે મંગળા આરતી સવારે સાત વાગે યોજાશે.

## ગોકુલપુરા પાસેથી ઈકો કારમાંથી ૬૩ બોટલ વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

વાવોલ ગોકુલપુરા પાસેથી વિદેશી દારુ ભરેલી ઈકો ગાડી સેકટર-૭ પોલીસે પકડી પાડી છે. સે-૭ પીઆઈ તરલ ભટ્ટની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ બેચરભાઈને બાતમી મળી હતી કે સફેદ કલરની ઈકો ગાડીમાં વિદેશી દારુની ફેરાફેરી થવાની છે. જેને પગલે પોલીસે ગુરુવારના રોજ રાત્રીના વોચ ગોઠવીને જી.જે.૦૧.આર.કે.-૦૮૬૬ નંબરની ઈકો ગાડીને પકડી પાડી હતી. જેમાં પોલીસે તપાસ કરતા વિદેશી દારુની ૬૩ બોટલ મળી આવી હતી. પોલીસે ગાડીના ચાલકનું નામ પુછતા દેત્રોજમાં રાજપુરાના દરબારવાસમાં રહેતો રણધીરસિંહ જંતુભા સોલંકી (ઉં.વ.૪૦)હોવાનું ધ્યાને આવ્યું હતું. સેકટર-૭ પોલીસે રૂ.૨૮,૩૫૦ ની કિંમતનો દારુ અને રૂ.૩ લાખની ઈકો કાર તેમજ ફોન મળીને કુલ રૂ.૩,૨૮,૩૫૦ નો મુદામાલ કબ્જે કર્યો છે.પોલીસે આરોપી સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આરોપી દારુ ક્યાંથી લાવ્યો હતો અને કોને આપવાનો હતો તે દિશામાં તપાસ શરુ કરી છે.

**પ્રેમ-અનકન્ડીશનલ ફિલ્મનું મૂર્હુત**

## ફિલ્મો સામાજિક સંદેશા આપીને પ્રેરણા આપે છે

અમદાવાદ, તા.૨૫

છેલ્લા ઘણા સમયથી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં એક પછી એક સારી ફિલ્મો આવી રહી છે ત્યારે આજે અમદાવાદ શહેરમાં વધુ એક અર્બન રોમેન્ટીક ગુજરાતી ફિલ્મ પ્રેમ-અનકન્ડીશનલનું ધનતેરસના પવિત્ર પર્વ નિમિતે મૂર્હુત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફિલ્મના ડાયરેકટર યશ વૈદ્ય, પ્રોડયુસર રમેશભાઈ પટેલ(ગોટીઝ ગ્રુપ), હીરો-હીરોઈન ભરત ચાવડા, જીનલ બેલાણી, મેહુલ બુચ, અલિશા પ્રજાપતિ, જૈની શાહ સહિતના કલાકારો અને સ્ટારકાસ્ટ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ફિલ્મના અભિનેતા ભરત ચાવડા અને અભિનેત્રી જીનલ બેલાણીએ જણાવ્યું હતું કે, પ્રેમ-અનકન્ડીશનલ એટલે કે, બિનશરતી પ્રેમ એ એક એવી ફિલ્મ હશે કે, જેની ઘણી વાતો અત્યારસુધી લોકોને ખબર નહી હોય કે, આમ થઈ શકે. પરંતુ તે પ્રજા સમક્ષ ઉજાગર કરવાનો પ્રયાસ કરાશે. ફિલ્મનું શૂટીંગ નળ સરોવર, ગીરના જંગલો, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના સ્થળો અને અમદાવાદ શહેરના કેટલાક સ્થળોએ કરવામાં આવશે. જાન્યુઆરી-૨૦૨૦ સુધીમાં આ ફિલ્મનું શૂટીંગ પૂર્ણ કરવાનું આયોજન છે અને વેલેન્ટાઈન ડેના દિવસે તેનું રિલીઝ કરવાની ગણતરી છે. ફિલ્મની સ્ટોરી વિશે આ બંને કલાકારોએ જણાવ્યું કે, આ એક અર્બન રોમેન્ટિક અને સંપૂર્ણ પારિવારિક, મનોરંજનથી ભરપૂર અને ઈમોશનલ ફિલ્મ છે કે પરિવાર સાથે જોઈ શકાશે. ફિલ્મની સ્ટોરી અત્યારસુધીની લવ સ્ટોરીથી કંઈક અલગ અને સમાજને કંઈક અલગ અને નવા જ સંદેશો આપતી છે. આજના મૂર્હુત બાદ હવે ફિલ્મનું શૂટીંગ શરૂ કરવામાં આવશે.

જાન્યુઆરી-૨૦૨૦ સુધીમાં ફિલ્મનુ શૂટીંગ પૂરુ કરી દેવાશે. ફિલ્મનુ શૂટીંગ મુખ્યત્વે નળ સરોવર, ગીરના જંગલો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના સ્થળોએ કરવામાં આવશે. અમદાવાદના કેટલાક વિસ્તાર અને સ્થળોને પણ ફિલ્મમાં આવરી લેવાશે. આ પ્રસંગે ફિલ્મના પ્રોડયુસર એવા ગોટીઝ ગ્રુપના રમેશભાઈ પટેલ અને ડાયરેકટર યશ વૈદ્યએ જણાવ્યું હતું કે, કંઈક અલગ વિષયવસ્તુ પર ફિલ્મ બનાવી સમાજને એક સંદેશો આપવાનો અમારો આ પ્રયાસ છે, અમને આશા છે કે, બધી ફિલ્મો કરતાં કંઈક અલગ સબ્જેકટ સાથે આવી રહેલી આ ફિલ્મ લોકોને ખૂબ પસંદ પડશે. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં સૌપ્રથમવાર આ પ્રકારની ફિલ્મ આવી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કે, ગોટીઝ ગ્રુપ દ્વારા મહારાષ્ટ્રના ખેડ અને માલવણ ખાતે સમગ્ર ભારતભરમાં ના હોય તે પ્રકારની સ્કીમો જંગલોની વચ્ચેના પ્રાકૃતિક વાતાવરણમાં બનાવવાનું આયોજન ચાલી રહ્યું છે, જેને એક નવી સિધ્ધિ અને સફળ સોપાન હશે.

# અમદાવાદમાં દિવાળી પહેલા ખરીદીનો માહોલ અકબંધ છે

દિવાળી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જોરદાર ખરીદીનો માહોલ જામી ગયો છે. આર્થિક મંદીની સ્થિતી હોવા છતાં હાલમાં ખરીદી જામેલી છે. મંદીની



કોઈ અસર દેખાઈ રહી નથી. હવે દિવાળી સુધી આવી જ તેજી રહી શકે છે. આર્થિક સુધારા દેશમાં અમલી કરવામાં આવ્યા બાદ પણ હવે મુખ્ય ખરીદીમાં લોકો વ્યસ્ત બની ગયા છે. કોઈ પણ પ્રતિકુળ સંજોગોની અસર હવે લોકો પર દેખાઈ રહી નથી. આર્થિક મંદીના માહોલમાં પણ ખરીદીનો માહોલ જામતા કારોબારીના ચહેરા પર રોનક આવી ગઈ છે. આજે ધનતેરસના દિવસે પણ જોરદાર ખરીદી રહી હતી. હાલમાં અમદાવાદના મુખ્ય બજારોમાં ટ્રાફિકજામની સ્થિતિ જોવા મળી હતી. લોકો કલાકો સુધી અટવાયા હતા. અમદાવાદ શહેરમાં મુખ્ય ગણાતા બજારોમાં વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. જેથી કામથી નીકળેલા લોકોને અટવાઈ પડવાની ફરજ પડી હતી. આજે બપોરના ગાળામાં ઈન્કમટેક્સથી કાળુપુર તરફ જતા માર્ગ અને રાયપુર, ખાડીયા સહિતના વિસ્તારોમાં મુખ્ય ભીડ જામી હતી કારણ કે આ બજારોમાં જ મુખ્ય દિવાળીની ખરીદી લોકો દ્વારા કરવામાં આવે છે. લાલદરવાજા, ત્રણ દરવાજા સહિતના વિસ્તારોમાં લોકો લાખોની સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઈન્કમટેક્સથી કાળુપુર તરફ જતા માર્ગો દિલ્હી દરવાજા ખાતે બપોરથી જ લોકોની હાલાત કફોડી બની હતી. છેક દિલ્હી દરવાજાથી લઈને ઈન્કમટેક્સ સુધી વાહનોની લાંબી લાઈનો લાગી હતી. જેથી અટવાઈ પડેલા લોકોને વચ્ચેથી નીકળવાની પણ તક મળી ન હતી. તમામ રસ્તા પર ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. દિલ્હી દરવાજા વિસ્તારમાં ફટાકડાની મુખ્ય દુકાનો આવેલી છે. આ દુકાનોમાં ખરીદી માટે દર વર્ષે પરંપરાગત રીતે દિવાળી પર્વના એક બે દિવસ પહેલાથી જ ખરીદીનો માહોલ જામે છે. આવી સ્થિતિ હવે શરૂ થઈ ગઈ છે. આ સ્થિતિ હવે યથાવત રહે તેમ માનવામાં આવે છે. રાયખડ વિસ્તારમાં પણ ફટાકડાના મુખ્ય બજારો છે. ફટાકડાના ભાવ આસમાને હોવા છતાં બાળકો ખરીદી માટે તેમના માતા-પિતા સાથે ઉમટી રહ્યા છે. બીજી બાજુ દુકાનદારો અને કારોબારીઓ પણ જુદા જુદા પ્રકારના આકર્ષક ફટાકડાઓના વેચાણમાં વ્યસ્ત બન્યા છે. કાળુપુર, મસ્તકી માર્કેટ, ખાડીયા, રાયપુર, દિલ્હી દરવાજા સહિતના વિસ્તારો આગામી બે ત્રણ દિવસ દરમિયાન આજ સ્થિતિમાં રહે તેમ માનવામાં આવે છે. નાના કારોબારીઓ પણ ખુલ્લા રસ્તામાં જંગી વેચાણ કરી રહ્યા છે.

# દિવાળી પર્વમાં ડોકટર ઓન કોલની સેવા ઉપલબ્ધ રહેશે

**અમદાવાદ મેડિકલ એસોસિઅશન-અમદાવાદ ફેમીલી ફિઝીશીયન એસોસીએશન દ્વારા દસમા વર્ષમાં આયોજન**

દિવાળીનાં તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેડિકલ એસોસીઅશન (એએમએ) અને અમદાવાદ ફેમીલી ફિઝીશીયન એસોસીએશન (એએફપીએ) દ્વારા સતત દસમા વર્ષે દર્દીઓ માટે તા. ૨૭ ઓકટોબરથી તા. તા.૩૧ ઓકટોબર દરમ્યાન ડોકટર ઓન કોલની સેવા રજૂ કરવામાં આવી છે. જેને પગલે દિવાળીના તહેવારો દરમ્યાન આ દિવસોમાં નાગરિકોની સેવા અને ઈમરજન્સી સારવાર માટે ડોકટરો ખડેપગે સેવામાં તૈનાત રહેશે એમ અત્રે અમદાવાદ મેડિકલ એસોસિએશનનાં પ્રેસિડેન્ટ ડો. મોનાબહેન દેસાઈ અને ડોક્ટર ઓન કોલ દિવાળીનાં પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડો. પ્રજ્ઞેશ વછરાજાનીએ જણાવ્યું હતું. આ વર્ષે સ્વાઈન ફ્લુ, ચિકનગુનિયા, કમળો, મેલેરિયા, ડેન્ગ્યુ તેમજ વાયરલ ઈન્ફેકશન વગેરે જેવા રોગોના દર્દીઓની સંખ્યામાં ખૂબ જ વધારો નોંધાયો છે. ડોક્ટર ઓન કોલ દિવાળી સેવાઓ માટે અમે સ્પેશ્યાલિટી અનુસાર હેલ્પલાઈન નંબરો બનાવ્યા છે. જેના આધારે મદદ મળી રહે છે અને નજીકનાં વિસ્તારમાં કયા ડોક્ટર ઉપલબ્ધ છે તેની જાણકારી મળી શકશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દર્દીઓ માટે આશીર્વાદરૂપ પૂરવાર થયેલી આ સેવામાં બંને એસોસિએશન દ્વારા ઈએમઆરઆઈ ૧૦૮ અને હોસ્પિટલો સાથે પણ સરળ સંકલન સાધવામાં આવ્યું છે. એએમએ દ્વારા આ ઉપરાંત દિવાળીનાં તહેવારોમાં કાર્યરત ડોકટરોનું વોટસ એપ ગ્રુપ બનાવવામાં આવ્યું છે અને ડોક્ટરોની યાદી તેમજ એરિયા કો-ઓર્ડિનેટરોનાં નંબરો પણ પૂરા પાડવામાં આવ્યા છે. આ અંગે વધુ માહિતી આપતા અમદાવાદ મેડિકલ એસોસિએશનનાં પ્રેસિડેન્ટ ડો. મોનાબહેન દેસાઈ અને ડોક્ટર ઓન કોલ દિવાળીનાં પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડો. પ્રજ્ઞેશ વછરાજાનીએ વધુમાં ઉમેર્યુ કે, દિવાળીનાં તહેવારોમાં મર્યાદિત ડોકટરો ઉપલબ્ધ હોવાને લીધે દર્દીઓએ ઘણું સહન કરવું પડતુ હોય છે. દર્દીઓને અગવડો ના પડે અને સમાજને મદદરૂપ થવાય તેવી ભાવનાથી અમદાવાદ મેડિકલ એસોસીએશન (એએમએ) અને અમદાવાદ ફેમીલી ફિઝીશીયન એસોસીએશન દ્વારા છેલ્લા નવ વર્ષથી ડોક્ટર ઓન કોલ દિવાળી સેવાનું આયોજન કરવામાં આવે છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, આ વર્ષે સ્વાઈન ફ્લુ, ચિકનગુનિયા, કમળો, મેલેરિયા, ડેન્ગ્યુ તેમજ વાયરલ ઈન્ફેકશન વગેરે જેવા રોગોના દર્દીઓની સંખ્યામાં ઘણો વધારો નોંધાયો છે. ડોક્ટર ઓન કોલ દિવાળી સેવાઓ માટે અમે સ્પેશ્યાલિટી અનુસાર હેલ્પલાઈન નંબરો બનાવ્યા છે.

## વિકાસતેરસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આવાસોમાં લીફ્ટ, મોકળાશભર્યા રૂમ, નળ કનેક્શન સહિતની સુવિધા સાથે પાકા મકાનો બનાવવામાં આવે તેની પણ ભૂમિકા આપી હતી.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, ગુજરાતની પ્રગતિ વધુને વધુ સમૃદ્ધ બને એ માટે લક્ષ્મીજીની કૃપા આપણા પર રહે. તેમણે ઉમેર્યુ કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહ કે જેઓ આપણા ગાંધીનગરના સાંસદ છે તેઓ ગાંધીનગરની ચિંતા કરે એ વ્યાજબી છે. તેમણે કહ્યું કે, દેશના વિકાસ અને સુરક્ષા માટેની જવાબદારી ગુજરાતના આ બે પનોતા પુત્રોના સિરે છે ત્યારે સંસદ તરીકે ગરીબ, વંચિત લોકો માટે જે ચિંતા કરી છે તે સૌ માટે ગૌરવરૂપ છે.

આ કાર્યક્રમમાં કેરોસીન ફ્રી ગાંધીનગરના લાભાર્થીઓને રૂ. ૩૮.૩૭ લાખની કીટ વિતરણ, વિધવા સહાયના ૧૨૨૩ મહિલાઓને તેમજ વૃદ્ધ સહાયના ૫૯ વૃદ્ધ લાભાર્થીઓને રૂ. ૧.૫૨ કરોડના મંજૂરી પત્રો, આયુષ્યમાન ભારત કાર્યક્રમના લાભાર્થીઓને કાર્ડ વિતરણ, કુડાસણ ખાતે રૂ. ૨.૮૨ કરોડના ખર્ચે નિર્માણ થનાર શેલ્ટર હોમનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેનો ૧૩૮ લાભાર્થીઓને લાભ મળશે. ગાંધીનગર સ્માર્ટ સિટી યોજના હેઠળ રૂ. ૮૦ કરોડના ખર્ચે રોડ નંબર-૬ અને ૭ તથા ગ-રોડ સ્માર્ટ રોડ કામગીરીનું ઈ-ખાતમુહૂર્ત, ગાંધીનગર સ્માર્ટ સિટી યોજના હેઠળ રૂ. ૮૩.૨૩ કરોડના ખર્ચે ઘ-૪ જંકશન અને ગ-૪ જંકશન ખાતે અન્ડરપાસના કામોનું ઈ-ખાતમુહૂર્ત, રૂ. ૭૦ કરોડના ખર્ચે ઈન્ટિગ્રેટેડ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરનું ઈ-લોકાર્પણ, રૂ. ૭૬.૮૫ કરોડના ખર્ચે મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત કુડાસણ ખાતે નિર્માણ થયેલા એમ.આઈ.જી. પ્રકારના ૪૮૦ આવાસોની સોંપણી, રૂ. ૨૯.૬૯ કરોડના ખર્ચે કુડાસણ-સરગાસણ-રાયસણ અને વાવોલ ખાતેની ટીપી સ્કીમોમાં પાણી પુરવઠો પૂરો પાડવાના કામોનું ઈ-લોકાર્પણ અને રૂ. ૩.૭૫ કરોડના ખર્ચે કુડાસણ-સરગાસણ તથા રાયસણ ખાતેની ટીપી સ્કીમોમાં નિર્મિત બગીચાઓનું ઈ-લોકાર્પણ સહિતના વિવિધ વિકાસ પ્રકલ્પોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યા હતા.

મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ, ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા, ધારાસભ્યો સર્વે જીતુભાઈ વાઘાણી, શંભુજી ઠાકોર, બલરાજસિંહ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ સહિતના પદાધિકારીઓ, ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રીમતી ડૉ. રતનકુંવર ગઢવીચારણ, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના મુખ્ય કારોબારી અધિકારી જી.સી. બ્રહ્મભટ્ટ સહિતના અધિકારીઓ સહિત વિવિધ યોજનાના લાભાર્થીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## દિપડો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયારે બે સપ્તાહ અગાઉ દોલારાણા વાસણા ગામના જંગલમાંથી દિપડો કેદ કરાયો હતો. પરંતુ ત્યારબાદ પણ અંબોડ તથા આસપાસના વિસ્તારમાં દિપડાએ શિકારી હરકત દાખવતા વનતંત્ર એલર્ટ મોડમા આવી ગયુ હતુ. અંબોડના જંગલમાં શિકારી દિપડાને પકડવા માટે સાત જેટલા પાંજરા મુકાયા હતા. જયારે આજે એક પાંજરામાં ચાર વર્ષનો દિપડો કેદ થતા વનતંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ગત વર્ષે સચિવાલયમાંથી દિપડો પકડાયો હતો. પાંચ જિલ્લાની ટીમે જહેમત ઉઠાવી પુનિત વન પાસે સ્થિત ગરનાળામાંથી પાંજરામાં કેદ કર્યો હતો. ત્યારબાદ સતત ગાંધીનગર નજીકના નદી કાંઠાના ગામોમાં દિપડો હોવાના પુરાવા ધ્યાને આવતા વનતંત્ર સતત દિપડાને કેદ કરવા પ્રયાસરૂપ રહ્યુ હતુ. પાલજ અને બાસણના ખેતરોમાં દિપડો હોવાની વાત ખેડુતોના માધ્યમથી પ્રકાશમાં આવી હતી. જયારે નદીકીનારાના પીંપળજ પીંડારડા અલુવા , મુબારકપુર, લાકરોડા, મહુડી, અને દેલવાડામાં દિપડાએ દેખા દીધી હોવાની સાથે શિકાર કર્યો હોવાના કીસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા હતા. જયારે ગાંધીનગરમાં પણ જ માર્ગ પર વનતંત્રના અધિકારીએ દિપડાને જોયો હોવાનુ સામે આવતા સાસણગીરથી ટીમ બોલાવામાં આવી હતી. આ સ્થિતિ વચ્ચે ૧૦ દિવસ અગાઉ દોલારાણા વાસણા ગામના જંગલ વિસ્તારમાંથી વનતંત્રએ દિપડાને પાંજરામાં કેદ કર્યો હતો. જયારે આ દિપડાને પકડીને વનતંત્રની ટીમ પરત જ આવી હતી ત્યાં અંબોડમાં દિપડાએ પાડા અને વાછરડાનો શિકાર કર્યો હોવાનુ પ્રકાશમાં આવતા વનતાંત્રની ટીમ ફરી એકવાર દિપડાને પકડવા માટે કામે લાગી હતી. જયારે રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભરત દેસાઈએ સ્ટાફને માર્ગદર્શન પુરુ પાડી આ વિસ્તારમાં મારણ સહીત વિવિધ સાત ઠેકાણે પાંજરા ગોઠવાયા હતા. જયારે આજે સવારે દિપડો મારણથી લલચાઈ પાંજરામાં ઘુસતા દરવાજો બંધ થતા દિપડો આખરે કેદ થઈ ગયો હતો. સવારે આ વિસ્તારના ફોરેસ્ટર બ્રિજેશ ચૌધરી સર્ચ કરી રહ્યા હતા ત્યારે તેમણે પાંજરે પુરાયેલો દિપડો જોયો હતો આ અંગે વનવિભાગના ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી.આ દિપડાને પાંજરા સાથે ગાંધીનગર વનચેતના કેન્દ્રમાં લઈ આવવામા આવ્યો હતો. નાયબ જિલ્લા વનસંરક્ષક એસ એમ ડામોરે ખોરાક પાણી આપ્યા હતા. દિપડાની તુંદરસ્તીની જાણકારી મેળવવા ડોકટરને જાણ કરી તપાસ પણ કરવામાં આવી હતી.

## દિલીપ પરીખ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આરજેપીની રચના ભાજપથી અલગ થઈને કરવામાં આવી હતી. પારેખની સરકારને કોંગ્રેસનું સમર્થન મળ્યું હતું. પારેખે ૧૯૯૦ના દશકના મધ્યમાં ભાજપ ધારાસભ્ય તરીકે પોતાના રાજકીય કેરિયરની શરૂઆત કરી હતી. તેઓ એક ઉદ્યોગપતિ હતા જે ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના અધ્યક્ષ પણ રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના અવસાન ઉપર દુખવ્યક્ત કર્યુ છે અને કહ્યું છે તેઓએ સમગ્ર સમર્પણ ભાવના સાથે ગુજરાતની જનતા માટે કામ કર્યુ હતું. દિલીપ પારેખે ઉદ્યોગ અને લોકસેવાની દુનિયામાં વિશેષ છાપ ઉભી કરી હતી. સમગ્ર સમર્પણની સાથે ગુજરાતની જનતા માટે કામ કર્યુ હતું. પોતાના સ્વભાવના કારણે તેઓએ દરેક લોકોની અંદર જગ્યા બનાવી હતી. તેમના અવસાનથી તેમને દુખ થયું છે. તેમના પરિવાર અને સમર્થકો વચ્ચે તેમની સહાનુભૂતિ અને સંવેદના છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી ટ્વિટ કરીને સ્વર્ગસ્થ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપી છે. રૂપાણીએ કહ્યું છે કે, સ્વર્ગસ્થ પારેખની આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરે છે. તેમના પરિવાર અને મિત્રો પ્રત્યે તેમની સંવેદના છે. વાઘેલા ૧૯૯૬માં ભાજપમાં બળવો કરીને અલગ થઈ ગયા હતા. પારેખે ક્ષેત્રિય નેતા સાથે હાથ મિલાવ્યા હતા અને તેમની પાર્ટીમાં સામેલ થયા હતા. ત્યારબાદ વાઘેલા કોંગ્રેસના સમર્થનથી મુખ્યમંત્રી બન્યા હતા. પારેખે ઓક્ટોબર ૧૯૯૭માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને માર્ચ ૧૯૯૮ સુધી મુખ્યમંત્રી પદે રહ્યા હતા ત્યારબાદ ભાજપ વિધાનસભા ચૂંટણી જીતીને સત્તામાં આવી હતી.

## ભારે વિભાજીત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભાજપને પોતાના સમર્થન આપવાની જાહેરાત ગોપાલ કાંડાએ પણ કરી દીધી છે. આને લઈને ભાજપની અંદર આંતરિક ખેંચતાણની સ્થિતિ રહેલી છે. ચંદીગઢમાં આવતીકાલે સવારે ૧૧ વાગે ભાજપની મહત્વની બેઠક યોજાનાર છે. આને લઈને ભાજપના અનિલ જૈન દ્વારા આજે વિગતો જાહેર કરવામાં આવી હતી. મનોહર ખટ્ટર દિલ્હીમાં બેઠકો યોજી રહ્યા છે. હરિયાણામાં સરકારને લઈને કોંગ્રેસ પાર્ટી પણ પોતાનીરીતે સક્રિય થયેલી છે પરંતુ હાલમાં ચિત્ર સ્પષ્ટ થાય તેમ દેખાઈ રહ્યું નથી.